પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ - કોર્ટ - તાલાલા,જી. ગીરસોમનાથ

હુકમ તારીખ - 01-04-2025

| (Suo Moto) સી.પી.સી. હુકમ 7 રુલ 11 (એ) (ડી) |
|---|
| **આંક - 01 લગત હુકમ** |

# (Suo Moto)

**વી.**

**વાદી**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

તે ગુજરાત વિર્ધુત બોર્ડ , વૈધાનિક સંસ્થાની સક્સેર કંપની

નાયબ ઈજનેર શ્રી , સબ ડીવીજન

## (વાદી ના વી.વકીલ શ્રી એમ.આર.મહેતા )

**સિડ્યુલ A**
**(તા.01-04-2025)**

| ક્રમ | ( R.C.S. NO.) કેસ નંબર | મૂળ દાવા ના પ્રતિવાદીનુ નામ | પ્રતિવાદી ગ્રાહક છે કે નથી ? | વીજ ચોરીની રકમ |
|---|---|---|---|---|
| 1 | 30/2024 | નાથાભાઈ પરબતભાઇ વાઢેર રહે. ચિત્રાવડ | નથી. | 33335.07/- પૈસા |
| 2 | 31/2024 | મુસાગરા આશિયાના અબ્દુલ રહે. ચિત્રાવડ | નથી. | 44332.34/- પૈસા |
| 3 | 32/2024 | પરસોત્તમભાઇ ગોરધનભાઈ ગોહેલ રહે. ચિત્રાવડ | નથી. | 9289.47/- પૈસા |
| 4 | 33/2024 | ચંદુભાઈ ભીખાભાઇ સોલંકી રહે. ચિત્રાવડ | નથી | 34457.76/- પૈસા |
| 5 | 34/2024 | હનીફભાઇ ફકીરમામદ મકવાણા રહે. ચિત્રાવડ | નથી | 42018.19/- પૈસા |
| 6 | 91/2024 | મજીદ ભાઈ આદ્રેભાઈ મોરી રહે. માધુપુર | નથી. | 27492.72/- પૈસા |
| 7. | 92/2024 | આમદ ઉમર હુલેપોત્રા રહે. વડાલા | નથી. | 12694.42/- પૈસા |
| 8. | 93/2024 | ઇકબાલભાઇ નાથાભાઈ મકવાણા રહે. વાડલા | નથી. | 12975.92/- પૈસા |
| 9. | 94/2024 | દેવદાસભાઈ હમીરભાઇ પરમાર રહે. જાવંત્રી | નથી. | 10561.21/- પૈસા |

| | | | | |
|---|---|---|---|---|
| 10. | 95/2024 | રેમતબેન નૂરમંદભાઈ સમા રહે. વડાલા | નથી. | 32406.54/- પૈસા |
| 11. | 96/2024 | ડાહીબેન ચીનાભાઇ મકવાણા રહે. વિઠ્ઠલપુર | નથી. | 13586.15/- પૈસા |
| 12. | 97/2024 | મામદભાઈ તૈયબભાઇ ખંડાણી રહે. વડાલા | નથી. | 11519.78/- પૈસા |
| 13. | 98/2024 | ઉમરભાઈ ઇસ્માઇલભાઈ હુલેપોત્રા રહે. વડાલા | નથી. | 36254.80/- પૈસા |
| 14. | 99/2024 | વજુભાઇ ભીખાભાઇ કામડીયા રહે. ભીમદેવડ | નથી. | 5429.82/- પૈસા |
| 15. | 100/2024 | સંજય રામશીભાઈ અડતારીયા રહે. આંબળાશ | નથી. | 29458.49/- પૈસા |
| 16. | 101/2024 | અલ્લારખા અલીશા શાહમદાર રહે. માધુપુર | નથી. | 38506.08/- પૈસા |
| 17. | 102/2024 | વિજયભાઈ પુનાભાઈ વાળા રહે. પિખોર | નથી. | 8891.97/- પૈસા |
| 18. | 104/2024 | ભાણજીભાઇ જીવરાજભાઈ પાનેલીયા રહે. આંકોલવાડી. | નથી. | 20646.27/- પૈસા |
| 19. | 105/2024 | જિકરભાઈ મહંમદભાઇ ભાદરકા રહે. માધુપુર | નથી. | 29854.26/- પૈસા |
| 20. | 107/2024 | મામદભાઈ ઉમરભાઈ સમા રહે. વડાલા | નથી. | 17995.30/- પૈસા |
| 21. | 109/2024 | મયુરભાઈ દિનુભાઈ ચાવડા રહે. પિખોર | નથી. | 3653.73/- પૈસા |
| 22. | 110/2024 | પ્રવીણભાઈ ઘેલાભાઈ ચૌહાણ રહે. આંકોલવાડી | નથી. | 5290.82/- પૈસા |

==========================================================

**[1]** નામદાર સુપ્રીમ કોર્ટ એ **પાટીલ ઓટોમેશન** ના ચુકાદા માં જણાવેલ છે, કે જયારે પણ કોર્ટ ને રેકર્ડ ઉપર થી ફલીત થાય કે , સી.પી.સી. હુકમ 7 રુલ 11 મુજબ ની જોગવાઈ મુજબ દાવા ને જો કોઈ પણ જોગવાઈ નો બાધ નડતો હોય, તો કોર્ટ નો કિંમતી સમય વેડફાઇ નહિ તે હેતુ થી કોર્ટ પોતે સૂઓ મોટો લઇ હુકમ 7 રુલ 11 મુજબ લગત હુકમ કરી શકે છે. (Ref. CA-005333/2022 - Patil Automation Private Limited V. Rakheja Engineers Private Limited ) & (Saleem Bhai v. State of Maharashtra [(2003) 1 SCC 557] , in which, 7 (2012) 8 SCC 706.)

**[2]** સબબ કામે વાદી કંપની દ્વારા નોન - કન્ઝ્યુમર વીજ ચોરી ના દાવા અત્રે ની કોર્ટ માં વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ દાખલ કરેલ છે.અને તે સમગ્ર દાવાઓની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે. સબબ કામે, વાદી એ તેઓ ની દાવા અરજી માં જણાવેલ છે તે મુજબ નીચે મુજબ ની હકીકતો રેકર્ડ ઉપર આવે છે.

- ➔ પ્રતિવાદી એ વાદી ના કાયદેસર ના ગ્રાહક નથી અને અહેવાલ મુજબ પ્રતિવાદી ડાયરેક્ટ વીજ વપરાશ કરી પાવર ચોરી કરતા પકડાયેલા છે.
- ➔ ચેકીંગ અધિકારી એ ચેકીંગ સ્થળ ઉપર માલુમ પડેલ કે મીટર વગર ડાયરેક્ટ વીજ જોડાણ મેળવી પાવર ચોરી કરતા માલુમ પડેલ છે. અને તે મુજબ કાયદેસર ની કાર્યવાહી કરી વીજ જોડાણ કાપી , જરૂરી દસ્તાવેજો તૈયાર કરી , પ્રતિવાદી વિરુદ્ધ કાયદેસર ની પોલીસ ફરિયાદ આપેલ.
- ➔ ચેકીંગ અધિકારી ના રિપોર્ટ ના અનુસંધાને કંપની ના નીતિનિયમો મુજબ 2015 ના નોટિફિકેશન મુજબ નું રહેણાક ના હેતુ નું પાવર ચોરી નું પૂરવણી બિલ આપવામાં આવે છે.

- ➔ જેથી નિયમોઅનુસાર પાવર ચોરી અંગે લેણી રકમ નું બિલ આપવામાં આવેલ અને કાનૂની નોટિસ આપેલ તેમ છતાં પ્રતિવાદી તરફ થી કોઈ પ્રતિ ઉત્તર આપવામાં ના આવતા, કે વીજ ચોરી ની લેણી રકમ ના ચુકવતા , હાલ નો દાવો વીજ ચોરી ની બિલ રકમ + ડીલે પેમેંન્ટ ચાર્જીસ વસુલ મેળવવા કરેલ છે.
- ➔ વાદી દ્વારા તેઓ એ કરેલ કાર્યવાહી ના દસ્તાવેજી પુરાવા આ કામે જેમાં મુખ્યત્વે (1) પ્રતિવાદી નું લેઝર બિલ ની કોપી (2) પ્રતિવાદી ને મોકલેલ નોટિસ ની સ્લીપ (3) પ્રતિવાદી ને મોકેલેલ નોટિસ ની એક્નોલેજમેન્ટ (4) કાનૂની નોટિસ (5) સેન્ક્શન ઓર્ડર (6) કલમ 135 મુજબ નું બિલ (7) કેલ્ક્યુલેશન સીટ (8) સ્થળ નું રોજકામ (9) કબ્જે લીધેલ મુદ્દામાલ વિગેરે રજૂ કરેલ છે.
- ➔ <u>ઉપરોક્ત દાવા ની હકીકતો માં વાદી દ્વારા સબબ પ્રતિવાદી ને કલમ 135 મુજબ ની એફ.આઈ.આર નંબર કે કલમ 135 ક્રિમિનલ કેસ માં સજા થયેલ છે કે કેમ ? અને સિવિલ લાયબિલીટી નક્કી કરેલ છે કે કેમ ? અથવા તો નિર્દોષ છૂટેલ છે અંગે કોઈ માહિતી દાવા માં જણાવેલ નથી.</u>
- ➔ **આથી સબબ વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ સબબ ગ્રાહક ના હોય તેવા વીજ ચોરી ના કેસો ને સ્પેશિયલ અધિકૃત કોર્ટ માં ક્રિમિનલ કાર્યવાહી કરવાની હોય અને તે કાર્યવાહી ના અંતે જો આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થાય તો, વીજ અધિનિયમ ની કલામ 154(5) મુજબ નામદાર સ્પેશિયલ કોર્ટ ક્રિમિનલ કેસ માં - વીજ ચોરી ના નુકશાન / દંડ ની રકમ ની સિવિલ લાયબિલિટી નક્કી કરશે અને તે રીતે સબબ વીજ ચોરી ની રકમ વસુલવાની રહે છે. તેના માટે અલગ થી સિવિલ રાહે દાવો કરવાની જરૂરિયાત રહેતી ના હોય સબબ દાવાઓ ને કોઝ ઓફ એક્શન નો બાધ નડતો હોય સૂઓ મોટો સી.પી.સી. હુકમ 7 રુલ 11 (એ) (ડી) મૂજબ ની કાર્યવાહી કરવા વાદી ના વી.વકીલ શ્રી ને તેઓ ની દલીલો રજૂ કરવા કહેતા આ મુજબ તેઓ એ દલીલો રજૂ કરેલ છે.**

**[3]** **<u>વાદી ના વી.વકીલ શ્રી ની દલીલો</u>** - (સબબ કામે વાદી કંપની પી.જી.વી.સી.એલ ના દાવા ઓ ના પેનલ એડવોકેટ અલગ અલગ કેસ ના અલગ છે. તે બાબતે તેઓ ની કંપની ના સિનિયર એડવોકેટ શ્રી કે.એમ.અભાણી દ્વારા કોમન દલીલો તમામ દાવાઓ માટે એક કેસ માં આપેલ છે જે અન્ય પેનલ વી.વકીલ શ્રીઓ દ્વારા ગ્રાહ્ય રાખેલ છે. અને તેઓ ના દાવા માં તે મુજબ ગણવા દલીલ કરેલ છે. (1) વીજ કંપની ના અધિકૃત અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા સ્થળ ઉપર વીજ ચોરી પકડેલ છે અને કાયદા મુજબ ની કાર્યવાહી કરી હાલ ના દાવામાં જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ છે. અને તે મુજબ બિલ ની ગણતરીપત્રક ની નકલ પણ રજૂ કરેલ છે અને લેખિત માં આરોપી વિરુદ્ કલમ 135 મુજબ ની ફરિયાદ પોલીસ સ્ટેશન માં કરેલ છે.

(2) તેઓ જણાવે છે કે નામદાર પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબ ગીર સોમનાથ વેરાવળ ના ઓ દ્વારા નોટિફિકેશન નં. 29/2019 થી તા. 23-07-2019 ના રોજ બહાર પાડી સુપ્રીમ કોર્ટ ની સ્પે. સિવિલ એપ્લિકેશન નં. 20842/2017 તા. 04-12-2017 સી.નં. 6883/2017 થી હુકમ બહાર પાડી Special Court ના દાવાઓ વિડ્રો કરી સિવિલ કોર્ટ ને સદરહુ દાવાઓ ચલાવવાની હુકમત આપવામાં આવેલી અને સને 2019 થી પાવર ચોરી ના તમામ દાવાઓ સ્પેશિયલ કોર્ટ વેરાવળ ખાતે થી ટ્રાન્સફર કરવામાં આવેલ અને અત્યાર સુધી અત્રે ની નામદાર કોર્ટ દ્વારા આવા દાવા ફેંસલ કરેલ છે. જેથી અત્રે ની કોર્ટ ને સબબ દાવા ચલાવવાની હકુમત અને અધિકાર છે. સબબ કામે ડીસ્ટ્રીકટ કોર્ટ નું નોટિફિકેશન અને સુપ્રીમ કોર્ટ ની ઓથોરિટી આ સાથે તેઓ દ્વારા સામેલ રાખેલ છે.

(3) વધુ માં તેઓ દ્વારા જણાવેલ છે ખાસ અદાલતો ની વ્યવસ્થા ફોજદારી ગુનાહિત જવાબદારી અન્વયે કેસો નિર્ણિત કરવાની અધિકૃત કરવામાં આવેલ છે જેથી તેની પાછળ નો હેતુ ફોજદારી ન્યાય કાનૂની અંગેના નિર્ણય માં વિલબિત થતું રોકવાના ઉદ્રેશ થી સ્થાપવામાં આવેલ છે એટલે ખાસ અદાલતો વીજળી અધિનયમ 2003 ની કલમ 135 મુજબ ના ફોજદારી કેસો ચલાવવાની હકુમત આપવામાં આવેલ છે. પરંતુ સિવિલ કેસો ચલાવવાની હકુમત સ્પે.કોર્ટ માંથી વિડ્રો કરી સીવીલ કોર્ટ ને ચલાવવાની સતા આપવામાં આવેલ છે. ખાસ

અદાલતો તથા તેના અધિકારો વીજળી અધિનિયમ 2003 ની કલમ 153 થી 157 સુધી માં આવરી લેવામાં આવેલ છે. વીજળી અધિનિયમ ની કલમ 135 થી 140 તથા કલમ 150 ફોજદારી ગુનાહિત કૃત્યો અન્વયે લાગુ પડતી કલમો છે જેની સતા ખાસ અદાલત ને આપવામાં આવેલ છે. અને આ રીતે કલમ 154(5) મુજબ ના દાવાઓ ચલાવવાની હકુમત સિવિલ કોર્ટ ને આપવામાં આવેલ છે અને સમગ્ર સૌરાષ્ટ અને ગુજરાત માં સિવિલ કોર્ટ માં જ આવા દાવાઓ ચાલે છે. અને નિર્ણિત થાય છે. નામ.ગુજરાત હાઇકોર્ટે ક્યારેય પણ કોઇ ઓર્ડર બહાર પાડેલ નથી કે 154(5) મુજબ ના દાવાઓ માત્ર સ્પે.કોર્ટ જ ચલાવી શકશે સિવિલ કોર્ટ ચલાવી શકશે નહીં. જેથી પાવર ચોરી ના દાવા ઓ ચલાવવાની હકુમત અત્રે ની કોર્ટ ને છે તેવું વી.વકીલ શ્રી નું માનવું છે. તેમ જણાવેલ છે.

(4) વધુ માં જણાવેલ છે કે પી.જી.વી.સી.એલ કંપની એ વીજ વિતરણ નું કામ કરે છે અને જો વીજ ચોરી ના દાવા રદ કરવામાં આવે તો સમાજ ઉપર તેની ખોટી અસર ઉભી થાય તેમ છે. જેથી સબબ હુકમ કરતા પહેલા નામ.ગુજરાત હાઇકોર્ટ નું માર્ગદર્શન મેળવવું જોઇએ. તેવું વી.વકીલ શ્રી નું માનવું છે તેવું તેઓ એ જણાવેલ છે.

(5) વધુ માં તેઓ એ જણાવેલ છેકે સબબ દાવાઓ ચલાવી લેવામાં આવે અને ત્યાર બાદ ન્યાયિક નિર્ણય કરવામાં આવે તેવી તેઓ ની નમ્ર અરજ છે. આ સાથે તેઓ દ્વારા નામદાર વેરાવળ ડીસ્ટ્રીકટ કોર્ટ નું રેગ્યુલર સિવિલ અપીલ નં. 44/2024 માં જે દલીલો રજૂ કરેલ છે. તેની એક નકલ આ કામે રજૂ કરેલ છે. વાદી ના વી.વકીલ શ્રી એ દલીલો માં જે ઓથોરિટી રજૂ કરેલ છે. તેમાં

**(1)** વ્રજલાલ દેવજીભાઈ વી. જી.ઈ.બી. ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. ત્યાર બાદ

**(2)** ભીમજી ધનજી મોતીવરસ વરી. પશ્ચિમ ગુજરાત વીજ કંપની નો ચુકાદો ટાંકેલ છે. જેના પારા 6 ઉપર આધાર રાખેલ છે. જે આ કામે ધ્યાને લીધેલ છે.

**(3)**તે સિવાય વી.વકીલ શ્રી એ તા. 30-04-2022 ના રોજ નો ભાવનગર ડીસ્ટ્રીકટ કોર્ટ નો ચુકાદો રજૂ કરેલ છે. જેમાં પારા - 10 મુજબ ની હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે. અને તે મુજબ ઉમરાળા પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી નો ચુકાદો રદ કરી કેસ ને રિમાન્ડ કરેલ હતો. જેમાં સિવિલ પ્રોસિજર કોડ ની કલમ 9 અંતગર્ત દાવો થઇ શકે તેવું ઠરાવેલ હતું

**[4]** વાદી ના વી.વકીલ શ્રી દ્વારા ઉપરોક્ત જે ત્રણ ઓથોરિટી રજૂ કરેલ છે. તે મુજબ ચર્ચા કરવામાં આવે તો. (1) **વ્રજલાલ દેવજીભાઈ વી.જી.ઈ.બી.** ના ચુકાદા જોવામાં આવે તો તેમાં વીજ કંપની અને કાયદેસર ના ગ્રાહક વચ્ચે નો દાવો છે. વીજ કંપની એ કાયદેસર રીતે વીજ કનેક્શન આપેલ હતું. તેવું પારા 2 માં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. તે ચુકાદા માં રીફર કરેલ નામદાર સુપ્રીમ કોર્ટ નું જજમેન્ટ પંજાબ સ્ટેટ ઈલેક્ટ્રીસીટી બોર્ડ વી. અશ્વિની કુમાર 1997 નો ચુકાદો પણ અત્રે ના તબબકે ધ્યાને રાખેલ છે. ત્યાર બાદ વી.વકીલ શ્રી દ્વારા (2) **ભીમજી ધનજી મોટિવરષ વી. પશ્ચિમ ગુજરાત વીજ કંપની** નો ચુકાદો ટાંકેલ છે. તે જોતા કેસ માં પિટિશનર એ વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક છે અને ચેકીંગ કરતા તેઓ એ મીટર સાથે ચેડાં કરેલ હતા જે ફલિત થતા વીજ કંપની દ્વારા 20 લાખ ઉપરાંત રકમ નું વીજ બિલ ABCD ફોર્મ્યુલા મુજબ નું આકારણી બિલ વીજ ચોરી અંતગર્ત આપેલ હતું. જે બિલ એપેલેટ ઓથોરિટી માં ચેલેન્જ કરતા સબબ બિલ ની રકમ ઘટાડી ને રૂ. 15 લાખ ઉપરાંત કરી આપેલ. ત્યાર બાદ પણ ગ્રાહક દ્વારા આ બિલ ની ચુકવણી કરી આપેલ નહીં. જેથી વીજ કંપની દ્વારા સબબ બિલ ની વસુલાત માટે સિવિલ સ્યુટ ફાઈલ કરવામાં આવેલ અને જેમાં સિવિલ કોર્ટ દ્વારા 6% ડીલે ચાર્જીસ સાથે 20 લાખ વાળું બિલ ભરવા હુકમ કરેલ હતો. જે ચુકાદો નામદાર ગુજરાત હાઇકોર્ટ માં ચેલેન્જ કરવામાં આવેલ હતો. જેમાં સિવિલ કોર્ટ ને સિવિલ દાવો ચલાવવાનું જ્યુરીડીક્શન નથી તેવી દલીલ કરવામાં આવેલ હતી તેના અનુસંધાને પારા 6 માં નામદાર ગુજરાત હાઇકોર્ટ જણાવેલ છે કે કલમ 154(5) એ કલમ 135 થી 140 અને 150 હેઠળ અપરાધ માટે ના કેસ માં લાગુ થશે. કે જેમાં કોઈ પણ ઈન્કવાયરી અથવા ટ્રાયલ અથવા સિવિલ લાયબિલિટી ગ્રાહક કે અન્ય વ્યક્તિ સામે વીજ ચોરી ના નાણાં નિર્ણિત થયેલ નથી. કોઈ પણ સંજોગો માં તે પૂરક બિલ / સુધારેલા પૂરક બિલ ની રકમ વસૂલવા માટે વીજ કંપની દ્વારા દાખલ કરાયેલા દાવાના સંદર્ભ માં લાગુ પડશે નહિ. *5. Now, so far as submission*

*and contention on behalf of appellant that impugned judgment and decree passed by the learned Principal Senior Civil Judge, Porbandar is wholly without jurisdiction and is a nullity relying upon Section 154(5) of the Indian Electricity Act is concerned, the aforesaid submission is absolutely misconceived and has no substance. Section 154 of the Electricity Act, 2003 shall be applicable with respect to the case for the offence punishable under Sections 135 to 140 and Section 150 of the Act, pending any inquiry or trial and/or civil liability against the consumer or a person in terms of money for theft of energy is yet to be determined. In any case, it shall not be applicable with respect to the suit filed by the electricity Company to recover the amount of supplementary bill/revised supplementary bill.]* ઉપરોક્ત બંને ચુકાદાઓ કાયદેસર ના ગ્રાહક માટે ના હોય હાલ ના બિન ગ્રાહક ના દાવા ઓ ને સંલગ્ન બનતા નથી. ત્યાર બાદ વી.વકીલ શ્રી એ નામદાર ભાવનગર ડીસ્ટ્રીકટ કોર્ટ ના ચુકાદા **(3) પશ્ચિમ ગુજરાત વી.કંપની લી . વી. વિઠુલભાઈ મકોદભાઈ ગોહિલ નું** જજમેન્ટ રજૂ કરેલ છે. જે કેસ ની હકીકતો જોતા, ઉમરાળા ના પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી દ્વારા 150 કેસ ઓર્ડર 7 રુલ 11 હેઠળ રદ કરવામાં આવેલ હતા. તે કેસ ની હકીકત જોવામાં આવે તો તે તમામ કેસો કલમ 145 નો બાધ નડતો હોય તે અંતગર્ત રદ કરવામાં આવેલ હતા. અને તે ચુકાદો નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ હતો. અત્રે ની કોર્ટ દ્વારા ફરી સ્પષ્ટ કરવામાં આવેલ છે કે હાલ ના બિન ગ્રાહક ના દાવા કે જેની સ્પેશિયલ કોર્ટ માં કલમ 135 મુજબ ની ફોજદારી કાર્યવાહી કરી સીધી જ રીતે દીવાની હુકમનામું લેવાની જોગવાઈ અંગે ની છે. અત્રે ની કોર્ટ દ્વારા કલમ 145 મુજબ દાવા રદ કરવા માટે ક્યારેય જણાવેલ નથી. કારણ કે વીજ અધિનયમ ની સ્પષ્ટ જોગવાઈ મુજબ જો, જયારે વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક વીજ ચોરી (કલમ 135) કરતા અથવા તો વીજ નો બિન અધિકૃત ઉપયોગ કરતા (કલમ 126) પકડાશે તો તેઓ ની વિરુધ્ધ કાર્યવાહી કરશે અને તેઓ નું વીજ કનેક્શન (કલમ 56) મુજબ રદ કરશે તેવા કિસ્સા માં તે ગ્રાહક વીજ કંપની વિરુધ્ધ વીજ કનેક્શન રદ ના કરવા માટે કોઈ દાવો કરી શકશે નહિ તેવી સ્પષ્ટ જોગવાઈ કલમ 145 માં જણાવેલ છે. તેમ છતાં કલમ 145 ઉપયોગ કરી ને જે તે સમયે ઉમરાળા સિવિલ કોર્ટ માં દાવા રદ કરેલ તે ચુકાદો નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા રિમાન્ડ કરેલ હતો. **પરંતુ તે હકીકતો અને હાલ ના દાવા ના કામ ની સુનવણી માં તફાવત છે. હાલ ના દાવા કલમ 145 હેઠળ નો બાધ નડતો હોય તે અંતગર્ત રદ કરવા મુકવામાં આવેલ નથી. જેથી તે ચુકાદો અત્રે સલંગ્ન બનતો નથી.**

**[5]** વધુ માં અત્રે ની કોર્ટ દ્વારા અગાઉ જે બિન ગ્રાહક ના દાવાઓ રદ કરવામાં આવેલ હતા તે તમામ દાવાઓ માં નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ (સ્પેશિયલ કોર્ટ) ગીર સોમનાથ માં ચેલેન્જ થયેલ હતા અને તે તમામ અપીલો નામદાર ડીસ્ટ્રીકટ દ્વારા RCA - 37/2024 (Main) ના સંયુક્ત ચુકાદા માં રદ કરવામાં આવેલ અને તાલાલા કોર્ટ નો ચુકાદો Confirmed રાખવામાં આવેલ છે તે હકીકત રેકર્ડ ઉપર ધ્યાને લીધેલ છે.

## (નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ ના નોટિફિકેશન અંગે)

**[6]** નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ ના નોટિફિકેશન નં. - 29/2019 ની હકીકત આ મુજબ છે. તા. 23-7-2019 ના રોજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા સુપીમ કોર્ટ ના સિવિલ અપીલ નં. 20842/2017 ના અનુસંધાને નીચે મુજબ નો હુકમ કરેલ છે. ...... “Consequent to the order passed by Hon’ble Supreme Court of India in Civil Appeal as read above in the preamble, the undersigned, in exercise of the powers vested in him under section 24 of the code of Civil Procedure, pleased to withdraw all pending Special Civil Suits and Execution Petitions, filled under the Electricity Act, 2003 which are at present under trial before the courts of District / Additional District & Sessions Judges of the District. Accordingly, the undersigned is pleased to order that, all such withdrawn **cases be transferred to the concerned Civil Courts,** having pecuniary and territorial jurisdiction over them under the Gujarat Civil Court Act, for hearing and

disposal in accordance with Law, From the stage they have withdrawn at, with immediate effect.”........ આમ ઉપરોક્ત હુકમ મુજબ તમામ દાવા જે અત્રે ની કોર્ટ માં ટ્રાન્સફર કરવામાં આવેલ છે તે તથા નવા દાવા રેગ્લયુર અત્રે ની કોર્ટ માં દાખલ થાય છે.

(નામદાર સુપ્રીમ કોર્ટ નું જજમેન્ટ)

**[7]** વધુ માં આ કામે વાદી ના વકીલ શ્રી દ્વારા નામદાર સુપીમ કોર્ટ નું સિવિલ અપીલ નં. 20842/2017 નું જજમેન્ટ રીફર કરેલ છે. જે ચુકાદા ની હકીકત એવી છે કે **<u>વીજ કંપની દ્વારા વીજ બિલ “ના” ભરાવાને કારણે ગ્રાહક નું વીજ કનેક્શન રદ કરવામાં આવેલ હતું.</u>** તે ના અનુસંધાને ગ્રાહક દ્વારા નામદાર (Special Court) ડીસ્ટ્રીકટ કોર્ટ માં વીજ કનેક્શન રદ ના થાય તે માટે સિવિલ દાવો કરેલ હતો. જે દાવો નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા હકુમત અંગે ની તકરાર લઇ રદ કરેલ જે ચુકાદા ને નામદાર દિલ્હી હાઇકોર્ટ માં ચેલન્જ થતા મૂળ- ચુકાદો રદ કરેલ અને ત્યાર બાદ સબબ મુદ્દો નામદાર સુપીમ કોર્ટ સુધી પહોંચેલ અને તેમાં નીચે મુજબ નો ચુકાદો આપેલ હતો. **IN THE SUPREME COURT OF INDIA** CIVIL APPELLATE JURISDICTION - CIVIL APPEAL NO(S). 20842 OF 2017 (Arising out of SLP (C) No(s). 6883 of 2017)

**NORTH DELHI POWER LIMITED (NOW KNOWN AS TATA POWER DELHI DISTRIBUTION LTD.) APPELLANT(s)**

**VERSUS**

**DEVINDER SINGH & ANR. RESPONDENT(S)**

A civil Suit, being CS No.51 of 2011, was filed by the respondents herein praying for a declaration that the act of the transfer of an electricity bill to the plaintiff is illegal, together with an injunction restraining the defendant from <u>disconnecting the electricity of the plaintiff for non-payment of the bill in question.</u> The Special Electricity Court, vide its order dated 19th December, 2011 referred to Sections 138 and 154 of the Electricity Act, 2003 (hereinafter referred to as 'the Act') and then dismissed an application made under Order 7 Rule 10 of Code of Civil Procedure, 1908 stating that the Special Electricity Court set up under the Act would have jurisdiction to decide the suit in question.

In CM(M) No.451/2012, by the impugned order dated 2nd February, 2016, the High Court of Delhi referred to its own previous judgement, and to Section 138 of the Act and dismissed the CM(M) No.451/2012. The North Delhi Power

Limited – the appellant before us – has argued that the Special Court set up under Section 153 of the Act is a Court that exclusively deals with criminal matters and, that therefore, a Civil Suit cannot be filed before this Court.

Though served, nobody appears on behalf of the respondents.

Part XV of the Act deals with the Constitution of Special Courts. Section 153 states that this is for the purpose of providing for speedy trial of offences referred to in Sections 135 to 140 and Section 150 of the Act. The procedure and power of the Special Court is laid down under Section 154 of the Act, including the power to levy a penalty which is referred as "civil liability" under Section 154(5) and 154(6) of the Act. Section 155 states that the Special Court is to have the powers of a Court of Sessions, and Section 157 of the Act vests the Special Court with a power of Review. Under Section 156 of the Act, appeals and revisions that are available against the Court of Sessions and that are provided under the Code of Criminal Procedure, 1973 can also be availed of.

It is clear from a perusal of the aforesaid sections that the Special Electricity Court acts as a Court of Sessions and has been set up to try offences that are committed under the Act. By no stretch of imagination can it be stated that a civil suit would be within the jurisdiction of such a Court. We are, therefore, of the view that the impugned judgement deserves to be set aside. The appeal is allowed in the aforesaid terms. Pending applications, if any, shall also stand disposed of.

આમ, ઉપરોક્ત ચુકાદા ને આધીન, સબબ કેસ માં કાયદેસર ના ગ્રાહક દ્વારા વીજ બિલ અંગે રેગ્યુલર વપરાશ કરેલ ચડત વીજ બિલ ની રકમ ભરેલ ના હોય વીજ કનેક્શન રદ કરવા માટે નો છે. વીજ ચોરી ની રકમ વસુલ કરવા માટે નો દાવો નથી. અને કલમ 145 મુજબ નો બાધ નડતો હોય નામદાર સ્પેશિયલ કોર્ટ અથવા તો નામદાર સિવિલ કોર્ટ ને આવા દાવા ચાલવાનો બાધ છે. જેના અંતગર્ત નામદાર સુપીમ કોર્ટ ઉપરોક્ત ચુકાદા માં ઠરાવેલ છે કે આવા વીજબિલ ના ભરેલ હોય તો તેની વિરુદ્દ માં વીજ કનેક્શન રદ કરતા અટકાવવા મનાઈ હુકમ ના દાવા થઇ શકે નહીં. અને તે ચુકાદા માં પણ નામદાર સુપીમ કોર્ટે એ કલમ 154(5) મુજબ હકીકત જણાવેલ છે કે વિશેષ અદાલતની કાર્યપદ્ધતિ અને સત્તા અધિનિયમની કલમ 154 હેઠળ નિર્ધારિત છે, જેમાં **દંડ વસૂલવાની સત્તાનો સમાવેશ થાય છે** જેને કાયદાની કલમ 154(5) અને 154(6) હેઠળ **"CIVIL LIABILITY"** તરીકે ઓળખવામાં આવે છે. આથી, ઉપરોક્ત નામદાર સુપીમ કોર્ટ ના જજમેન્ટ અને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ ના નોટિફિકેશન ના આધીન વીજ બિલ અંગે ના દાવા અત્રે ની કોર્ટ માં ચાલે છે. પરંતુ નામદાર સુપીમ કોર્ટ એ પણ ઉપરોક્ત જજમેન્ટ માં ટાંકેલ છે કે સ્પેશિયલ કોર્ટ ને વીજ ચોરી ના કેસ માં જો ચોરી સાબિત થાય તો દંડ વસુલવાની સતા છે અને તે જ દંડ ને કલમ 154(5) મુજબ સિવિલ લાયબિલિટી તરીકે ગણવાની છે. તેના માટે અલગ થી સિવિલ સ્યુટ ફાઈલ કરવાની જરૂર નથી.

**[8] હવે આ કામે ઉપરોક્ત દલીલો ને આધીન કાયદાની જોગવાઈ અને નામદાર સુપીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ ના ચુકાદા ને આધીન અત્રે ની કોર્ટ દ્વારા જે તકરારી મુદ્દો ઉઠાવેલ છે તે મુજબ બિન-ગ્રાહક ના વીજ ચોરી ના સિવિલ દાવા થઇ શકે નહિ તે અંગે ના વિગતવાર કારણો નીચે મુજબ છે.**

**[9]** વીજ કંપની ના કાયદેસર ગ્રાહક દ્વારા વીજ ચોરી કરવામાં આવે અને ગ્રાહક ના હોય તેવા ઈસમ દ્વારા વીજ ચોરી કરવામાં આવે તો તેવા સંજોગો માં બંને નો ભેદ સમજવો અતિ આવશ્યક છે. જયારે કાયદેસર ના ગ્રાહક વીજ વપરાશ નું વીજ બિલ ની રકમ ની ભરપાઈ ના કરે તેવા સંજોગો માં - કોઈ પણ વ્યક્તિ કાયદેસર રીતે વીજ કંપની માં અરજી કરી ને વીજ કનેક્શન લઇ શકે છે. અને વીજ કંપની ના નીતિનયમો મુજબ તેઓ વીજ કંપની સાથે વીજ જોડાણ લેવા માટે કરાર કરે છે અને તે કરાર ના આધારે વીજ કંપની તે વ્યક્તિ ને ગ્રાહક બનાવે છે અને ગ્રાહક કરાર ના આધારે વીજ જોડાણ મેળવે છે અને જે વીજ વપરાશ કરે તે વીજ બિલ ગ્રાહક કાયદેસર રીતે ભરવા બંધાયેલ છે અને તે કરાર ના આધારે સિવિલ લાયબિલિટી થી બંધાયેલા છે. અને જો આવી કોઈ વીજ બિલ ની રકમ ગ્રાહક દ્વારા ભરવામાં ના આવે તો વીજ કંપની આવા બિલ ની લેણી રકમ વ્યાજ કે પેનલ્ટી સાથે સિવિલ પ્રોસિજર કોડ મુજબ દાવો કરી વસુલ કરે છે.

**[10]** ત્યાર બાદ કાયદાની જોગવાઈ મુજબ વીજ અધિનિયમ 2003 ની કલમ 126 એ અનધિકૃત વીજ વપરાશ માટે કરેલ છે. જો કોઈ વ્યક્તિ એ / ગ્રાહક એ કલમ 126 માં જણાવેલ મુજબ અનધિકૃત વીજ વપરાશ કરેલ હોય તેવું અધિકૃત ચેકીંગ અધિકારી ના ધ્યાને આવે તો, તેઓ કલમ 126 મુજબ નું પ્રોવિઝનલ બિલ આકરશે. જે બિલ ગ્રાહક એ ભરવાનું રહેશે.અથવા તો કલમ 127 મુજબ એપેલેટ ઓથોરિટી માં પોતાની રજુઆત કરશે. અને જો ગ્રાહક ને આવી તક આપવામાં આવે તો પણ હાજર ના રહે તો વીજ કંપની આવા અનધિકૃત બિલ ની રકમ વસુલ મેળવવા માટે સિવિલ પ્રોસિજર કોડ મુજબ દાવો કરી શકે છે અને વીજ અધિનિયમ ની કલમ 56(1) મુજબ ગ્રાહક નું વીજ કનેક્શન રદ કરી શકે છે. અને ગ્રાહક તે વીજ કનેક્શન ની સામે દાવો કરી શકશે નહીં તેવો **કલમ 145** માં સ્પષ્ટ બાધ આપવામાં આવેલ છે. કલમ 145 અંગે ના બાધ અંગે **નામદાર ગુજરાત હાઇકોર્ટ** નું **Ahmedabad Electricity Company Vs. Ramesh D Devnani on 15 October 2004, AIR 2005 GuJ 66 , (2005) 2 GLR 1202** માં સ્પષ્ટ પ્રસ્થાપિત કરેલ છે કે .....
“Para 18 In view of the aforesaid facts and circumstances and the provisions of law, in my opinion, the order passed by the City Civil Court, directing the petitioner company to immediately reconnect the electricity connection of the respondent is bad in law, without jurisdiction, null and void and is hereby declared as null, void, without authority and without jurisdiction. Accordingly, it is held and declared that **the City Civil Court, Ahmedabad has no jurisdiction to entertain Civil Suit and grant any injunction therein in view of the provisions of section 145 of the Electricity Act, 2003.** Consequently, the order below injunction application exh. 15 in Regular Civil Suit No. 1907 of 2004 passed by the City Civil Court, Ahmedabad is hereby quashed and set aside. The petition is allowed. Rule made absolute with no order as to costs. વધુમા જયારે કલમ 126 મુજબ ની કાર્યવાહી કરવામાં આવેલ હોય તેમાં અધિકૃત અધિકારી ને જો યોગ્ય લાગે તો, તે ગ્રાહક ની ઉપર 126 ઉપરાંત કલમ 135 મુજબ ની વીજ ચોરી ની ફરિયાદ પણ કરી શકે છે. આ તબક્કે નામદાર કલકતા હાઇકોર્ટ નું આ જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. જેમાં નામદાર કલકતા હાઈકોર્ટ એ ઠરાવ્યું છે કે, ગ્રાહક ઉપર કલમ 126 મુજબ તથા કલમ 135 મુજબ કાર્યવાહી કરેલ હોય ત્યારે વીજ અધીનિયમ ની કલમ ૧૩૫ માં સ્પેશીયલ કોર્ટ દ્વારા આરોપી ને નીર્દોષ ઠેરવેલ હોય અને

સિવિલ લાયાબીલીટી નિર્ણિત કરેલ ના હોય કે શૂન્ય નિર્ણિત કરેલ હોય તેવા કિસ્સા માં વીજ કંપની ના ગ્રાહક દ્વારા અગાઉ કોઈ વીજ બીલ ની રકમ વધારે ભરેલ હોય તો તે પરત (રીફંડ) કરવા હુકમ કરેલ છે. **Calcutta High Court (Appellate Side) Sri Angshuman Sarkar vs The West Bengal State on 3 March 2023 Para -** 62. It is seen that the broad allegations made against the petitioner in both the proceedings under Sections 126 and 135 were on the same footing and are covered by both Sections. Hence, legitimately, the two proceedings went on parallelly against the petitioner and reached their respective logical culminations. The issue is whether upon acquittal of the petitioner **on the finding of the Special Court, albeit in connection with the proceeding under Section 135, that the charges have not been proved against the petitioner,** **it has to be deemed that the civil liability determined by the Special Court amounted to zero.** 63. In view of such inevitable conclusion in the present case, it has to be construed in the light of Section 154(6) of the 2003 Act that the petitioner is actually entitled to refund by the licensee of the entire amount deposited by the petitioner under Section 126 within a fortnight from the date of communication of the order of the Special Court. As such, the question posed in the present writ petition is answered in the affirmative. 64. As a consequence, it is hereby held that **the petitioner is entitled to refund** of the entire amount deposited by the petitioner in terms of the final order of assessment, to the tune of Rs.1,38,059/-, together with statutory interest accrued thereon. ગુજરાત વીજ સપ્લાય કોડ 2015 માં અનધિકૃત વીજળી ના ઉપયોગ માટે કલમ 126 મુજબ તમામ કાર્યપદ્ધતિ અને કાર્યવાહી કરવાની રીત જોગવાઈ 7.24 થી 7.55 માં આપેલ છે. તે સિવાય નીચે મુજબ ના અતિ મહત્વના ચુકાદા રીફર કરવા જરૂરી જણાઈ આવતા હોય નીચે મુજબ ટાંકેલ છે.

| નં. | ઓથોરિટી |
|---|---|
| (1) | **Dakshin Gujarat Vij Company Limited (S) v. Paramount Textile & 6 (S) Gujarat High Court Nov 26, 2009** આ કેસ માં નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારા વીજ કંપની ના વીજ બિલ વસુલ કરવાના દાવા ને કલમ 145 મુજબ નો બાધ નડતો હોય તે કારણોસર પ્લેઇન્ટ રિટર્ન કરવામાં આવેલ હતી. જે ચુકાદો નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ હતો. અને સિવિલ દાવો રીસ્ટોર કરવામાં આવેલ હતો. સબબ દાવા માં પ્રતિવાદી |

| | |
|---|---|
| | એ વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક (કંપની) છે અને વપરાયેલા યુનિટ માટે ની બાકી લેણાં માટે નો દાવો કરવામાં આવેલ હતો. સબબ દાવો વીજ ચોરી ની રકમ મેળવવા માટે નહોતો. |
| (2) | **PLASTO PROCESSORS Vs. GUJARAT ELECTRICITY BOARD LAWS(GJH)-2005-3-58 HIGH COURT OF GUJARAT Decided on March 10,2005** હાલ ના જજમેન્ટ માં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા કલમ 126 અને કલમ 127 વિષે વિસ્તૃત ચર્ચા કરેલ છે. અને પારા 28 માં ટાંકેલ છે કે સ્પેશિયલ કોર્ટ દ્વારા ચોરી ના કેસ માં સિવિલ લાયબિલિટી નક્કી કરવાની રહે છે. Para 28...(V) The power of Special court under Sec. 154(5) to determine the civil liability is consequent upon the finding of theft of energy in such criminal cases |
| (3) | **Satish Babubhai Patel vs Union Of India & on 30 November, Gujarat High Court 2013 C/SCA/14183/2013** હાલ ના કેસ માં પિટિશનર એ વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક હતા. અને સિંગલ ફેઝ મીટર ધરાવતા હતા. અને સેંકશનડ લોડ કરતા વધારે વીજ વપરાશ કરતા અનધિકૃત વીજ વપરાશ નું પ્રોવિઝનલ બિલ વીજ કંપની દ્વારા આપવામાં આવેલ હતું. જે ગ્રાહક દ્વારા કલમ 127 મુજબ એપેલેટ ઓથોરિટી માં ચેલેન્જ કરવા ને બદલે ડીસ્ટ્રીકટ કન્ઝ્યુમર ફોરમ માં ચેલેન્જ કરેલ હતું. જે ફોરમ દ્વારા એપ્લિકેશન રદ કરવામાં આવેલ હતી. જેના વિરુદ્દ માં હાલ ની રિટ પિટિશન કરવામાં આવેલ અને વીજ અધિનિયમ ની કલમ 126 અને 127 એ ગેર-બંધારણીય છે ? તેવો મુદ્દો રેઈઝ કરવામાં આવેલ. |
| (4) | **Special Civil Application No. 9961/2020 Mukeshbhai Laljibhai Nashit Vs Dakshin Gujarat Vij Company Ltd. 06/11/2020** વીજ કંપની ના ગ્રાહક દ્વારા વીજ કનેક્શન ને રીસ્ટોર કરવા હાલ ની પિટિશન કરવામાં આવેલ છે. ગ્રાહક દ્વારા મીટર સાથે ચેડાં કરવામાં આવેલ હતા. અને જેથી વીજ કંપની દ્વારા ગ્રાહક ઉપર વીજ ચોરી ની ફરિયાદ પણ દાખલ કરવામાં આવેલ હતી. હાલ ના જજમેન્ટ માં નામદાર ગુજરાત હાઇકોર્ટ એ ટાંકેલ છે કે .. Para 3 ...... Section 153 of the said Act provides for the constitution of Special Court for the constitution of Special courts for the purpose of providing speedy trial of the offences referred to in Section 135 to 140 and 150. Section 154 deals with the procedure and power of the special courts, which confers an exclusive jurisdiction to the special Courts to try the offences punishable under the said section. Sub - section 5 of section 154 also empowers the special courts to determine the civil liability against the consumer or a person in terms of money for theft of energy. વધુ માં નામદાર કોર્ટ દ્વારા જણાવેલ છે કે ગ્રાહક પોતાની રજુઆત નામદાર સ્પેશિયલ કોર્ટ આગળ ક્રિમિનલ કેસ માં પોતાનો બચાવ કરી શકે છે. |
| (5) | **West Bengal State Electricity ... vs M/S Orion Metal Pvt. Ltd. on 21 August, 2019 C.A.@S.L.P(c) No.22207/2018** IN THE SUPREME COURT OF INDIA CIVIL APPEAL No.6547 OF 2019 હાલ ના કેસ માં પ્રતિવાદી એ વીજ કંપની ના ગ્રાહક હતા. અને ઇન્સ્પેક્શન દરમિયાન તેઓ ના |

| | |
|---|---|
| | મીટર માં કોઇ ચેડાં કરવામાં આવેલ હતા તેવું જણાઈ આવતા ગ્રાહક દ્વારા વીજ ચોરી કરવામાં આવેલ છે. તેવું ફલિત થયેલ. અને વીજ કંપની દ્વારા કલમ 126(1) મુજબ આકારણી કરી 13 કરોડ 41 લાખ ની રકમ નું પ્રોવિઝનલ બિલ આપેલ હતું. અને કલમ 126 ની કાર્યવાહી ઉપરાંત લોકલ પોલીસ સ્ટેશન માં ગ્રાહક વિરુદ્ કલમ 135 મુજબ ની ફરિયાદ પણ દાખલ કરવામાં આવેલ હતી. નામદાર કલકતા હાઇકોર્ટ દ્વારા કલમ 126(1) મુજબ નું આકારણી વાળું બિલ રદ કરેલ હતું. અને જે ચુકાદો નામદાર સુપીમ કોર્ટ માં ચેલેન્જ થતા સબબ ચુકાદો સેટ અસાઇડ કરવામાં આવેલ હતો. The power conferred on authorities for making assessment under Section 126(1) of the Act and power to determine civil liability under Section 154(5) of the Act, cannot be said to be parallel to each other. In this regard, we are of the view that the High Court has committed an error in recording a finding, that both proceedings cannot operate parallelly. In a given case where there is no theft of energy, amounting to unauthorised use of energy, in such cases no complaint of theft can be lodged as contemplated under Section 135 of the Act. In such cases for loss of energy, on account of unauthorised use of energy not amounting to theft, it is always open for the authorities to assess the loss of energy by resorting to power under Section 126(1) of the Act. In cases where allegation is of unauthorised use of energy amounting to theft, in such cases, apart from assessing the proceedings under Section 126(1) of the Act, a complaint also can be lodged alleging theft of energy as defined under Section 135(1) of the Act. In such cases, the Special Court is empowered to determine civil liability under Section 154(5) of the Act. On such determination of civil liability by the Special Court, the excess amount, if any, deposited by the petitioner, is to be refunded to the consumer. It is a settled principle that to prove the guilt of the accused in a criminal proceeding, authorities have to prove the case beyond reasonable doubt and the element of mens rea is also to be established. On the other hand, such a strict proof is not necessary for assessing the liability under Section 126(1) of the Act.<br><br>ઉપરોક્ત ચુકાદા માં ગ્રાહક ઉપર કલમ 126 અને 135 બંને કાર્યવાહી કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને આ જજમેન્ટ લિંક કરવું જરૂરી જણાઈ આવે છે. @ Calcutta High Court (Appellate Side) Sri Angshuman Sarkar vs The West Bengal State on 3 March, 2023 |
| (6) | **Bhimji Dhanji Motivaras of M/S. Sagar Ice Factory V. Paschim Gujarat Vij Company Ltd. 2014 (o) AIJEL HC 231398** હાલ ના કેસ માં પિટિશનર એ વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક છે અને ચેકીંગ કરતા તેઓ એ મીટર સાથે ચેડાં કરેલ હતા જે ફલિત થતા વીજ કંપની દ્વારા 20 લાખ ઉપરાંત રકમ નું વીજ બિલ ABCD ફોર્મ્યુલા મુજબ નું આકારણી બિલ વીજ ચોરી અંતગર્ત આપેલ હતું. જે બિલ એપેલેટ ઓથોરિટી માં ચેલેન્જ કરતા સબબ બિલ ની રકમ ઘટાડી ને રૂ. 15 લાખ ઉપરાંત કરી આપેલ. ત્યાર બાદ પણ ગ્રાહક દ્વારા આ બિલ ની ચુકવણી કરી આપેલ નહીં. જેથી વીજ કંપની દ્વારા સબબ બિલ ની વસુલાત માટે સિવિલ સ્યુટ ફાઈલ કરવામાં |

આવેલ અને જેમાં સિવિલ કોર્ટ દ્વારા 6% ડીલે ચાર્જીસ સાથે 20 લાખ વાળું બિલ ભરવા હુકમ કરેલ હતો. જે ચુકાદો નામદાર ગુજરાત હાઇકોર્ટ માં ચેલેન્જ કરવામાં આવેલ હતો. જેમાં સિવિલ કોર્ટ ને સિવિલ દાવો ચલાવવાનું જ્યુરીડીક્શન નથી તેવી દલીલ કરવામાં આવેલ હતી તેના અનુસંધાને પારા 6 માં નામદાર ગુજરાત હાઇકોર્ટ જણાવેલ છે કે કલમ 154(5) એ કલમ 135 થી 140 અને 150 હેઠળ અપરાધ માટે ના કેસ માં લાગુ થશે. કે જેમાં કોઇ પણ ઈન્કવાયરી અથવા ટ્રાયલ અથવા સિવિલ લાયબિલિટી ગ્રાહક કે અન્ય વ્યક્તિ સામે વીજ ચોરી ના નાણાં નિર્ણિત થયેલ નથી. <u>કોઇ પણ સંજોગો માં તે પૂરક બિલ / સુધારેલા પૂરક બિલ ની રકમ વસૂલવા માટે વીજ કંપની દ્વારા દાખલ કરાયેલા દાવાના સંદર્ભ માં લાગુ પડશે નહિ.</u>

*5. Now, so far as submission and contention on behalf of appellant that impugned judgment and decree passed by the learned Principal Senior Civil Judge, Porbandar is wholly without jurisdiction and is a nullity relying upon* Section 154(5) of the Indian Electricity Act *is concerned, the aforesaid submission is absolutely misconceived and has no substance. Section 154 of the Electricity Act, 2003 shall be applicable with respect to the case for the offence punishable under Sections 135 to 140 and Section 150 of the Act, pending any inquiry or trial and/or civil liability against the consumer or a person in terms of money for theft of energy is yet to be determined. In any case, <u>it shall not be applicable with respect to the suit filed by the electricity Company to recover the amount of supplementary bill/revised supplementary bill.</u>*

ઉપરોક્ત કેસ માં પિટિશનર એ વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક હતા. અને તેઓ દ્વારા મીટર માં બાહ્ય ડિવાઇસ દ્વારા ચેડાં કરવામાં આવેલ જે રંગે હાથે પકડાયેલ હતા. જેમાં વીજ કંપની દ્વારા મીટર ને રીમુવ કરીને લેબોરેટરી માં ગ્રાહક ની રૂબરૂ ટેસ્ટિંગ કરેલ હતું. અને લેબોરેટરી ના રિપોર્ટ માં મીટર નો દરવાજો અને MMB ફ્રેમ ક્ષતિગત હતી તથા MMB સીલ અને લોક બંને ટેમ્પટરડ થયેલ હતા. તે લેબોરેટરી ના રિપોર્ટ ના  આધારે આકારણી મુજબ નું બિલ બનાવેલ હતું. ગ્રાહક દ્વારા એપેલેટ ઓથોરિટી ના રિવાઈઝ્ડ બિલ ના નિર્ણય ને તથા વીજ ચોરી નથી કરેલ તે તકરારી મુદ્દા ને ઉપલા ફોરમ માં ચેલેન્જ કરવામાં આવેલ નહીં. આ દાવો કલમ 126 મુજબ કાયદેસર ના ગ્રાહક પાસે થી એસેસમેન્ટ કરેલ વીજ સપ્લીમેન્ટરી અથવા રિવાઈઝ્ડ  બિલ વસુલ કરવાં માટે કરવામાં આવેલ હતો.

**ઉપરોક્ત તમામ ચુકાદા રીફર કરતા નીચે મુજબ ની હકીકતો ફલિત થાય છે.**

- ➔ **વીજ કંપની દ્વારા કાયદેસર ના ગ્રાહક દ્વારા કરાયેલા વીજ ચોરી અંગે કલમ 126 મુજબ એસેસમેન્ટ કરી ને વીજ બિલ ની રકમ વસુલ કરવા દાવો કરી શકે છે.**
- ➔ **વીજ કંપની કલમ 126 ઉપરાંત કલમ 135 મુજબ ની ફરિયાદ પણ દાખલ કરી શકી છે.**
- ➔ **જો કલમ 135 મુજબ ની ફરિયાદ માં જે સિવિલ લાયબિલિટી ની રકમ નક્કી થાય તે વધુ હોય તો ગ્રાહક તે મુજબ ભરવા બંધાયેલ છે અને જો ઓછી હોય તો વીજ કંપની તે ભરેલ રકમ ની વધારાની રકમ પરત કરવા બંધાયેલ છે. અને જો સિવિલ લાયબિલિટી નિર્ણિત ના કરેલ હોય તો ગ્રાહક ને  ભરેલ રકમ પરત કરવા વીજ કંપની બંધાયેલ છે.**
- ➔ **વીજ કંપની કાયદેસર ના ગ્રાહક ઉપર 126 મુજબ કાર્યવાહી કરે તેમાં ગ્રાહક એ કલમ 127 મુજબ એપેલેટ**

ઓથોરિટી માં બચાવ કરવાનો રહે છે.

→ **<u>વીજ કંપની કલમ 56(1) ગ્રાહક નું વીજ કનેક્શન રદ કરી શકે છે. અને તે રદ કરાયેલા વીજ કનેક્શન સામે ગ્રાહક વીજ કંપની ઉપર દાવો કરી શકશે નહિ. જેને કલમ 145 નો બાધ નડશે.</u>**

→ ઉપરોક્ત તમામ ચુકાદાઓ માં જે ગ્રાહક કાયદેસર રીતે વીજ કંપની સાથે કરાર કરી ને વીજ કનેક્શન મેળવેલ છે. અને તેના દ્વારા વીજ ચોરી કે વીજ નો અધિકૃત વપરાશ કરેલ છે તે અંગે ના છે. બિન-ગ્રાહક દ્વારા ડાયરેક્ટ (મીટર વગર) વીજ ચોરી કરેલ હોય તેના નથી.

**[11]** <u>હવે વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ ની જોગવાઈ અને કાર્યવાહી વિષે ચર્ચા કરતા</u> - કાયદા ની જોગવાઈ મુજબ જો કોઈ વ્યક્તિ વીજ ચોરી કરતા પકડાય તો, તેને વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ જે તે વ્યક્તિ વિરુદ્દ કલમ 135 (1-A) મુજબ 24 કલાક માં એફ.આઈ.આર દાખલ કરાવવાની હોય છે. અને તે લેખિત ફરિયાદ ના આધારે જે તે પોલીસ સ્ટેશન માં ગુનો દાખલ થતા તેનું કોગ્નિઝન્સ નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા લઇ સબબ વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ પુરાવા ને આધીન કરે છે અને જો આરોપી એ વીજ ચોરી કરેલ છે તેવું ઠરાવવામાં આવે તો તેને દંડ અથવા સજા અથવા બંને કરવામાં આવે છે. દંડ નક્કી કરતી વખતે વીજ કંપની દ્વારા જે નુકશાન થયેલ છે તે નિયમોઅનુસાર આકારણી કરી બિલ ની રકમ રજૂ કરવામાં આવે છે જે રકમ ને નામદાર સ્પેશિયલ કોર્ટ દંડ તરીકે અથવા સિવિલ લાયબિલિટી તરીકે આરોપી ને ભરવા માટે હુકમ કરે છે. ને એવી રીતે નક્કી કરેલી દીવાની જવાબદારી ની રકમ , જાણે કે દીવાની કોર્ટ નું હુકમનામું હોય તેમ વસુલ કરવામાં આવશે. તે વિષે વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ ની કલમ મુજબ 3 વર્ષ સુધી ની સજા અથવા દંડ અથવા બંને મુજબ ની સજા છે. કલમ 135(1)એ મુજબ જયારે વીજ ચોરી પકડાય ત્યારે તુરંત જ અધિકૃત વ્યક્તિ દ્વારા વીજ સપ્લાય બંધ કરવાનો રહે છે. તથા જે તે અધિકૃત વ્યક્તિ લેખિત માં આવી ફરિયાદ નજીક માં પોલીસ સ્ટેશન માં 24 કલાક માં કરવાની રહેશે.

**[12]** હવે વધુ વીજ અધિનિયમ ની જોગવાઈઓ જોતા,સબબ કામે ઈલેક્ટ્રીસીટી એક્ટ ની કલમ ૧૫૩ માં ખાસ કોર્ટ ની રચના અંગેની જોગવાઈ છે .જેમાં જણાવેલ છે કે રાજ્ય સરકાર કલમ ૧૩૫ થી ૧૩૯ માં ઉલ્લેખ ગુના ની ઝડપી અમલ ની જોગવાઈ કરવાના હેતુ માટે સરકારી ગેઝેટ માં જાહેર નામું બહાર પાડી ને જાહેર નામા માં નીર્દીસ્ત કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે જરૂરી હોય તેટલી ખાસ કોર્ટો ની રચના કરી શકશે. દરેક જીલ્લા ના એડી. ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ કલમ ૧૩૫ થી ૧૩૯ માટે ઝડપી ટ્રાયલ માટે નિમણુક કરેલ છે. ખાસ કોર્ટ,વીજ અધિયનિયમ ની કલામ 135 મુજબ વીજ ચોરી નો કેસ ચલાવી જો વીજ ચોરી સાબિત થાય તો, વીજ ચોરી શોધ્યા ની તારીખ થી અગાઉ ના બાર મહિના સુધી અથવા તો ચોરી ની ચોક્કસ મુદ્દત નક્કી કરવામાં આવે તો તે મુદ્દત , એ બેમાંથી ઓછી હોય તે માટે લાગુ પડતા ટેરીફ દરો ના બે ઘણા બરાબર ની રકમ કરતા ઓછી ના હોય તેવી વીજ ચોરી કરવા માટે નાણા ના સ્વરૂપ માં ગ્રાહક સામે અથવા વ્યક્તિ ની સામે દીવાની જવાબદારી નક્કી કરી શકશે. અને એવી રીતે નક્કી કરેલી દીવાની જવાબદારી ની રકમ , જાણે કે દીવાની કોર્ટ નું હુકમનામું હોય તેમ વસુલ કરવામાં આવશે.

**[13]** આમ, કાયદા મુજબ સ્પેશિયલ કોર્ટ દ્વારા કલમ 135 માં આરોપી ને પુરાવા ના આધારે જો તકસીરવાન ઠેરવે તો તે તબક્કે વાદી કંપની એ પોતાની ગણતરી મુજબ નું બિલ રજૂ કરી ને તે જે રકમ આરોપી પાસે થી મેળવવા સ્પેશિયલ કોર્ટ ને દીવાની જવાબદારી નક્કી કરવા માટે રજુઆત કરવાની છે. કારણ કે દીવાની જવાબદારી નક્કી કરવાની સતા સ્પેશિયલ કોર્ટ ની પાસે છે. જયારે વાદી કંપની એ સ્પેશિયલ કોર્ટ ની ઉપર વટ જઈ ને વીજ ચોરી નો ગુનો સાબિત થાય તે પહેલા આવા બિલ ની આકારણી કરી ને નોટિસ આપી ને

બિલ વસૂલવાની તજવીજ શરુ કરી સિવિલ કોર્ટ માં દાવો દાખલ કરેલ છે. વીજ ચોરી ની કેસ માં દંડ કરવાની અને સિવિલ લાયબિલિટી ક્રિમિનલ કેસ ના અંતે  નક્કી કરવાની સત્તા નામદાર સ્પેશિયલ કોર્ટ પાસે છે. તે માટે વીજ અધિનિયમ ની કલમ 154(5) જોવી જરૂરી છે.

**154. (Procedure and power of Special Court).---**

(1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, every offence punishable under [2sections 135 to 140 and section 150] shall be triable only by the Special Court within whose jurisdiction such offence has been committed.

(2) Where it appears to any court in the course of any inquiry or trial that an offence punishable under sections 135 to 139 in respect of any offence that the case is one which is triable by a Special Court constituted under this Act for the area in which such case has arisen, it shall transfer such case to **such Special Court, and thereupon such case shall be tried and disposed of by such Special Court in accordance with the provisions of this Act :**

Provided that it shall be lawful for such Special Court to act on the evidence, if any, recorded by any court in the case of presence of the accused before the transfer of the case to any Special Court :

Provided further that if such Special Court is of opinion that further examination, cross-examination and re-examination of any of the witnesses whose evidence has already been recorded, is required in the interest of justice, it may re-summon any such witness and after such further examination, cross examination or re-examination, if any, as it may permit, the witness shall be discharged.

(3) The Special Court may, notwithstanding anything contained in subsection (1) of section 260 or section 262 of the Code of Criminal Procedure, 1973, try the offence referred to in sections 135 to 139 in a summary way in accordance with the procedure prescribed in the said Code and the provisions of sections 263 to 265 of the said Code shall, so far as may be, apply to such trial :

Provided that where in the course of a summary trial under this subsection, it appears to the Special Court that the nature of the case is such that it is undesirable to try such case in summary way, the Special Court shall recall any witness who may have been examined and proceed to re-hear the case in the manner provided by the provisions of the said Code for the trial of such offence:

Provided further that in the case of any conviction in a summary trial under this section, it shall be lawful for a Special Court to pass a sentence of imprisonment for a term not exceeding five years.


(4) A Special Court may, with a view to obtaining the evidence of any person supposed to have been directly or indirectly concerned in or privy to, any offence tender pardon to such person on condition of his making a full and true disclosure of the circumstances within his knowledge relating to the offence and to every other person concerned whether as principal or abettor in the commission thereof, and any pardon so tender shall, for the purposes of section 308 of the Code of Criminal Procedure,1973, be deemed to have been tendered under section 307 thereof.

**(5) The Special court shall determine the civil liability against a consumer or a person in terms of money for theft of energy which shall not be less than an amount equivalent to two times of the tariff rate applicable for a period of twelve months preceding the date of detection of theft of energy or the exact period of theft if determined whichever is less and the amount of civil liability so determined shall be recovered as if it were a decree of civil court.**

**(6) In case the civil liability so determined finally by the Special Court is less than the amount deposited by the consumer or the person, the excess amount so deposited by the consumer or the person, to the Board or licensee or the**

**concerned person, as the case may be, shall be refunded by the Board or licensee or the concerned person, as the case may be, within a fortnight from the date of communication of the order of the Special Court together with interest at the prevailing Reserve Bank of India prime lending rate for the period from the date of such deposit till the date of payment.**

*Explanation. - For the purposes of this section, "civil liability" means loss or damage incurred by the Board or licensee or the concerned person, as the case may be, due to the commission of an offence referred to in Sections 135 to 140 and Section 150."*




**[14]** આમ, ઉપરોક્ત જોગવાઈઓ ને ધ્યાને રાખતા, વાદી કંપની દ્વારા વીજ અધિનિયમ ની કલમ 135 માં ચુકાદો આવે તે પહેલા અને વીજ ચોરી ની સિવિલ લાયબિલિટી નિર્ણિત થાય તે પહેલા કલમ 154(5) ની જોગવાઈ જે માત્ર નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા જ અમલીકરણ કરી શકાય છે તેમ છતાં કલમ 154(5) નામદાર સ્પેશિયલ કોર્ટ નું સિવિલ લાયબિલિટી અંગે નું દીવાની હુકમનામું મેળવ્યા વગર વીજ ચોરી ની રકમ વસુલ કરવા અંગે ના દાવો કરેલ છે. સામાન્ય રીતે વીજ કંપની દ્વારા તેઓ ના કાયદેસર ગ્રાહક ને શરતો નું ઉલ્લઘન બદલ જેમ કે અનધિકૃત વપરાશ , વધારે લોડ નો વપરાશ, મીટર સાથે ચેડાં કરી ઓછું મીટર રીડિંગ બતાવી વીજ ચોરી કરેલ હોય તેવા કિસ્સા માં મીટર ની લેબોરેટરી ના તપાસ - રિપોર્ટ ના આધીન , ગ્રાહક ને સાંભળવાની તક

આપ્યા બાદ 126 મુજબ એસેસમેન્ટ કરી બિલ આપવામાં આવે છે. જયારે બિન ગ્રાહક ને ચોરી નું પુરવણી બિલ આપવું એ તદ્દન અલગ બાબત છે. બિન ગ્રાહક વીજ ચોરી ના કેસ માં ક્રિમિનલ કેસ માં જ સિવિલ લાયબિલિટી અંગે નું સીધું હુકમ નામું મેળવવાનું રહે છે. અને તેની બજવણી કરી ને વીજ ચોરી ની રકમ વસુલ કરવાની રહે છે.

**[15]** વાદી દ્વારા પ્રસ્તુત તમામ કલમ 154(5) મુજબ ના દાવા ઓ માં નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા આવી કોઈ સિવિલ લાયબિલિટી ક્રિમિનલ કેસ માં નિર્ણિત કરેલ હોય તેવા કોઈ પુરાવા રજૂ કરેલ નથી.

**[16]** આ કામે નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા જ 154(5) મુજબ ની સિવિલ લાયબિલિટી ક્રિમિનલ કેસ માં તકશીરવાન ઠરાવતા નિર્ણિત કરવાની હોય છે તે અંગે ના ચુકાદા નીચે મુજબ છે.

**[17]** ઉપરોક્ત ચર્ચા કરેલ તે મુજબ નામદાર સુપીમ કોર્ટે સિવિલ એપ્લિકેશન 20842/2017 માં ઠેરવેલ છે તે ફરીથી વંચાણે લેતા, The procedure and power of the Special Court is laid down under Section 154 of the Act, including the power to levy a penalty which is referred as "civil liability" under Section 154(5) and 154(6) of the Act. Section 155 states that the Special Court is to have the powers of a Court of Sessions, and Section 157 of the Act vests the Special Court with a power of Review.

**[18]** આ તબ્બકે નામદાર ગુજરાત હાઈકોર્ટ નું આ જજમેન્ટ ટાંકવું અતિ મહત્વનું છે. જે નીચે મુજબ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશીયલ કોર્ટ દ્વારા સિવિલ લાયાબીલીટી નક્કી કરવાના પાવર છે તેની ચર્ચા કરેલ છે. જે મુજબ કલમ ૧૩૫ ની ફરિયાદ ના કેસ મા કરવાની રહે છે.

**Gujarat High Court :: Bahuchar Stone Industries Prop. ... vs State Of Gujarat on 26 February, 2021**

Para - (6) In case the civil liability so determined finally by the Special Court is less than the amount deposited by the consumer or the person, the excess amount so deposited by the consumer or the person, to the Board or licensee or the concerned person, as the case may be, shall be refunded by the Board or licensee or the concerned person, as the case may be, within a fortnight from the date of communication of the order of the Special Court together with interest at the prevailing Reserve Bank of India prime lending rate for the period from the date of such deposit till the date of payment.

Explanation. - For the purposes of this section, **"civil liability"** means loss or damage incurred by the Board or licensee or the concerned person, as the case may be, **due to the commission of an offence referred to in [sections 135 to 140 and section 150]."**

From the provisions contained in Section 154(5) of the Act, **it is clear that the said provision gives the Special Court jurisdiction to determine any dispute regarding the quantum, of civil liability in theft cases, therefore, the consumer intending to challenge the quantum of civil liability in theft cases (whether or not, he disputes the allegations of theft) is still entitled to make such a challenge to the disputed bill to the Special Court.**

6. At this stage, this Court would like to refer to the decision rendered by the Division Bench of this Court in the case of **Torrent Power AEC Ltd. (supra),** wherein this Court has considered the various provisions contained in the Act and observed and held in paragraph 5.3, 15.3 and 15.7 as under:

"5.3 xxxxx Section 154 provides that the offences punishable under Secs.135 to 139 of the Act shall be triable only by the Special Court within whose jurisdiction such offence has been committed. The offence is to be tried in a summary way. Sub-section (5) of **Sec.154 also empowers the Special Court to determine the civil liability against a consumer or a person in terms of money for theft of energy which shall be at least two times the amount as per the tariff rate applicable for a period of twelve months preceding the date of detection of theft of energy or the exact period of theft, if determined, whichever is less.** The amount of civil liability so determined **shall be recovered as if it were a decree of the Civil Court.** Sub-section (6) also provides that in case the civil liability so determined finally by the Special Court is less than the amount deposited by the consumer or the person liable, the excess amount deposited by the consumer or the person liable shall be refunded with interest at the prevailing Bank rate.

15.3 There is nothing to indicate that the power and jurisdiction conferred on the Special Court under Sub-section(5) of Section 154 is conditional upon the licensee filing a complaint before the Special Court under Section 151 of the new Act. In fact while the provisions relating to offences and penalties from Sections 135 to 139 are to be found in Part XIV of the new Act, and Section 151 in the same Part provides that cognizance of an offence under those sections can be taken only at the instance of the Government, the Commission or the licensee, the provisions relating to the Special Court are to be found in a separate part being Part XV of the Act. Since the power to try offences punishable under Sections 135 to 139 is conferred exclusively on the Special Court constituted under Section 153 of the Act and the provisions of Sub-section(5) of Section 154 specifically invest the Special Court with the jurisdiction to determine any dispute regarding the quantum of civil liability in theft cases, we are clearly of the view that a consumer intending to challenge the quantum of civil liability in theft cases (whether or not he disputes the allegation of theft) is still entitled to make such a challenge to the disputed bill before the Special Court, even in cases where no criminal complaint is filed against the consumer. The doubt, if any, is removed by Resolution 7.6.7 in the Gujarat Electricity Supply Code.

15.7 Thus, although **Sections 153 and 155 and Sub-sections (1) to (4) of Section 154 may give an impression that a Special Court is merely a Criminal Court set up to try offences, the provisions of Sub-sections (5) and (6) of Section 154 and Sections 156 and 157 unmistakably show that the Special Court has adequate powers to do what the Civil Court could normally do in a civil suit that its**

**orders have the same efficacy, recognition and binding effect as the decree of a Civil Court.** Thus principle (1) laid down by the Apex Court is satisfied. Sub-section(5) of Section 154 also creates a special civil liability of the amount equivalent to two times of the tariff rate applicable for a period of twelve months preceding the date of detection of theft of energy. The provisions of appeal, revision and review also satisfy the test laid down by the Apex Court as contained in principle 2 whether remedies normally associated with actions in civil courts are prescribed by the statute or not."

**[19]** **ટૉરેન્ટ પાવર વી. ગાયત્રી ઇન્ટરમીડિએટ લી , 13 એપ્રિલ 2008** ના રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા નિર્ણિત થયેલ છે. અને તે ચુકાદા માં પેરા 21 માં માર્ગદર્શિકા જાહેર કરેલ છે. જે નીચે મુજબ છે. જેમાં પારા 21(4) અને 21(7) ખુબ જ મહત્વના છે જેમાં સિવિલ કોર્ટ ના જ્યુરીસડીક્શન અંગે જણાવેલ છે. અને તેની સાથે પારા 16 પણ ટાંકેલ છે. જેમાં સ્પેશિયલ કોર્ટ દ્વારા જ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની છે. તેવું ઠરાવેલ છે.

> "Torrent Power Aec Ltd. vs. Gayatri Intermediates Pvt. Ltd.The High Court of Gujarat held that "The special court constituted under Section 153 or sub-section (5) of section 154 is being empowered to decide the quantum of civil liability in the case of power theft ".

**Para - 21. To sum up then, our conclusions are as under:-**

(i) The Electricity Act, 2003 (except Section 121) was brought into force by the Central Government on 10th June 2003, but in the State of Page 1326 Gujarat, its provisions came to be applied with effect from 10th December 2003. [Para 19.1]

(ii) Although the terms of licence issued in favour of the AEC and the GEB under the Indian Electricity Act, 1910 and Electricity (Supply) Act, 1948 and the Conditions of Supply and Miscellaneous Charges framed by the said licensees under the said Acts continued to be operative till 9.12.2004, thereafter with effect from 10.12.2004, the distribution licences in favour of those licensees continue to operate subject to their being in accordance with the provisions of the Electricity Act, 2003. [Paras 19.3 and 20.2]

(iii) Challenge to the legality of the Central Government order dated 8th June 2005 removing difficulties with reference to the powers of the State Electricity Regulatory Commission under Section 50 of the Act and to the subsequent amendment dated 14th December 2005 to Regulation (Section) 7.6.5 of the Gujarat State Electricity Supply Code is turned down. [Para 14]

**(iv) The Electricity Act, 2003 read with the Central Government order dated 8th June 2005 and the State Electricity Supply Code framed under Section 50 of the Act as amended with effect from 14th December 2005 and the Statutory Regulations framed under the other provisions of the Act constitute a complete self-contained code in respect of criminal as well as civil liability in cases of theft of electricity and also in respect of the civil liability for unauthorised use of electricity. [para 16]**

(v) Assessment to be made by the distribution licensee in theft cases is not governed by the provisions of Section 126 of the Act, but is governed by the provisions of Section 50 read

with Regulation (Section) 7.6.5 of the Gujarat State Electricity Supply Code, 2005 as framed by the Gujarat Electricity Regulatory Commission and amended with effect from 14th December 2005.[paras 9 and 12]

**(vi) Against such assessment, remedy of appeal under Section 127 of the Act is not available to the aggrieved party, but its remedy will be only before the Special Court constituted under Section 153 of the Act which will exercise its jurisdiction in accordance with the provisions of Sub-sections (5) and (6) of Section 154 of the Act. [Para 9]**

**(vii) Although there is no specific provision in Section 145 of the Act for exclusion of jurisdiction of Civil Court to entertain any proceeding in respect of any matter which the Special Court is empowered by or under the Act to determine, we are of the view that any dispute about civil liability in theft cases is impliedly excluded from the jurisdiction of Civil Court.**

[Paras 15 to 17] The aforesaid principles are applicable to all cases wherein theft is detected on or after 14th December 2005. **"Para 16.** After undertaking the inquiry as mandated by the Apex Court in Dhulabhai case (Supra), we hold that the Electricity Act, 2003 read with the Central Government order dated 8th June 2005 and the Electricity Supply Code framed under Section 50 of the Act and the Statutory Regulations framed under the other provisions of the Act constitute a Page 1321 complete self-contained code in respect of criminal as well as civil liability in cases of theft of electricity and also in respect of the civil liability for unauthorised use of electricity. Hence, although there is no specific reference in **Section 145 of the Act to exclusion of Civil Court to entertain any proceeding in respect of any matter which the Special Court is empowered by the Act to determine or any assessment (other than assessment under Section 126) which the licensee is empowered under the Act to determine, we are of the view that any dispute about the civil liability in theft cases is impliedly excluded from the jurisdiction of Civil Court."**

[20] વધુ માં નામદાર દિલ્હી હાઇકોર્ટ એ **Crl. M.C. 3284, 3453, 3454, 3455, 3456/2008 BSES Rajdhani Power Ltd. Vs. State N.C.T. of Delhi and Ors.** ખુબ જ વીસ્તૃત રીતે કલમ 154(5) ની ચર્ચા કરેલ છે. અને તેમાં જણાવેલ છે કે 154(5) મુજબ નું હુકમનામું એ સિવિલ કોર્ટ નું હુકમ નામું નથી જેથી તેમાં કોર્ટ ફી ભરવાની થતી પરંતુ સ્પેશિયલ કોર્ટ ના હુકમ ને દીવાની હુકમનામા તરીકે ગણી ને તે રકમ વસુલ કરવાની છે. જો વીજ કંપની દ્વારા આવી પ્રેયર કરવામાં આવેલ ના હોય તો પણ સ્પેશિયલ કોર્ટ એ વીજ અધિનિયમ ની જોગવાઈ મુજબ સબબ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની થાય છે. સબબ જજમેન્ટ ના મહત્વના 3 પારા નીચે મુજબ છે. Para - **22. It is apparent that the cases of theft under Section 135(1) involve mens rea. The jurisdiction of civil court is not barred "but" the power to try offences punishable under Sections 135 - 139 is conferred exclusively on the Special Court constituted under Section 153 of the Act and the provisions of Sub-section (5) of Section 154 specifically invest Special Court with the jurisdiction to determine any dispute regarding the quantum of**

**civil liability in theft cases whether or not the allegation of theft is disputed,** is still entitled to make such a challenge to the disputed bill before the Special Court, even in cases where no criminal complaint is filed against the consumer and the amount of civil liability so determined shall be recovered as if it were a decree of a civil court and **it can act as civil court as well as criminal court while conducting the cases before it.** **22.** Section 154 of Electricity Act which prescribes the procedure and power of special court does not say that the special court, while determining civil liability Under Section 154(5) of the Act, would adopt the procedure prescribed in the Code of Civil Procedure for trial of suits. It does not even say that the special court, while determining civil liability Under Section 154(5) of the Act, shall be deemed to be a civil court. Use of the words as if it were a decree of the civil court in Section 154(5) of Electricity Act is a strong indicator of the legislative intent and clearly shows **that the determination of civil liability by special court by itself will not be a 'decree' passed by the civil court and it is only by fiction of law that such a liability would be recovered as if it were a decree of civil court.** **Had the intention of the legislature been that the special court while dealing with a request for determination of civil liability, should adopt the procedure prescribed for trial of a civil suit,** it would have stated so either expressly or by necessary implication and it would not have merely said that the amount of civil liability shall be recovered as if it were a decree of civil court. **The legislature would then have said that the special court while determining such a liability would act as a civil court or that the determination made by it shall be deemed to be the decree of a civil court.** 23. In fact, Section 154(5) of the Electricity Act casts an obligation upon the special court to determine the civil liability, **even if no prayer for determination of such a liability is made by either party. Therefore, even if no request had been made by the petitioner for determination of civil liability, the special court would still have to carry out the legislative mandate given to it Under Section 154(5) of the Act.**

**[21]** વધુ માં, વાદી ના  વકીલ શ્રી દ્વારા 2005 ના જે નોટિફિકેશન વિષે દલીલો કરેલ છે તે  જોતા,નીચે મુજબ ની હકીકત રેકર્ડ ઉપર આવે છે.  વધુ માં તેઓ જે દલીલ કરેલ હતી કે નોટિફિકેશન મુજબ અત્રે ની કોર્ટ ને દાવો ચાલવાની હકુમત છે તે જોગવાઈ જોતા, પણ તેમાં ઈલેક્ટ્રીસીટી એક્ટ ના 2005 ના રૂલ્સ -11 મુજબ જ્યાં સુધી સ્પેશિયલ કોર્ટ ની રચના / સ્થાપના ના થાય ત્યાં સુધી સિવિલ કોર્ટ ચલાવી શકે ત્યાર બાદ નહિ..  વધુ માં રૂલ્સ 12 મુજબ કોગ્નિઝન્સ લેવા વિષે ની જોગવાઈ આપેલ છે તેમાં ઓથોરાઈઝડ વ્યક્તિ એ પોલીસે ને લેખિત માં ફરિયાદ કરવાની છે અને પોલીસ તે ફરિયાદ ના આધારે તપાસ કરશે વધુ માં સબબ રૂલ્સ માં અલગ થી દાવો કરી ને વીજ ચોરી ની રકમ વસુલ કરવા માટે ની કોઈ જ જોગવાઈ કરવામાં આવેલ નથી.

## GOVERNMENT OF INDIA MINISTRY OF POWER
## New Delhi, the 8th, June, 2005 NOTIFICATION
## These rules shall be called the Electricity Rules, 2005

**RULES** **<u>11. Jurisdiction of the courts.-</u>**

The Jurisdiction of courts other than the special courts shall not be barred under sub-section (1) of section 154 **<u>till such time</u>** the special court is constituted under sub-section (1) of section 153 of the Act.

**<u>12. Cognizance of the offence-</u>**

(1) The police shall take cognizance of the offence punishable under the Act **<u>on a complaint in writing made to the police</u>** by the Appropriate Government or the Appropriate Commission or any of their officer authorised by them in this regard or a Chief Electrical Inspector or an Electrical Inspector or an authorised officer of Licensee or a Generating Company, as the case may be.

(2) The **police shall investigate the complaint in accordance with the general law applicable to the investigation of any complaint.** For the purposes of investigation of the complaint the police shall have all the powers as available under the Code of Criminal Procedure, 1973.

(3) The police shall, after investigation, forward the report along with the complaint filed under sub-clause (1) **to the Court for trial under the Act.**

(4) Notwithstanding anything contained in sub-clauses (1), (2) and (3) above, the complaint for taking cognizance of an offence punishable under the Act may also be filed by the Appropriate Government or the Appropriate Commission or any of their officer authorised by them or a Chief Electrical Inspector or an Electrical Inspector or an authorised officer of Licensee or a Generating Company, as the case may be directly in the appropriate Court.

(5) Notwithstanding anything contained in the Code of Criminal Procedure 1973, **every special court may take cognizance of an offence referred to in sections 135 to 139 of the Act without the accused being committed to it for trial.**

(6) The cognizance of the offence under the Act shall not in any way prejudice the actions under the provisions of the Indian Penal Code.

**[22]** વધુ મા વીજ ચોરી ની કલમ 135 એ ઇન્ડિયન પીનલ કોડ ની કલમ 379 થી કેવી રીતે અલગ પડે છે તે અંગે નામદાર સુપીમ કોર્ટ એ આ ચુકાદા માં જણાવેલ છે. **Avtar Singh v. State of Punjab MANU/SC/0191/1964 : AIR 1965 SC 666** - ***A theft of electricity is an offence under the Electricity Act. Since electricity is not a movable property, the provisions of Sections 378 & 379 IPC are not attracted.*** તે રીતે જો સામાન્ય ચોરી નો કેસ બનેલ હોય તેમાં ફરિયાદી ની જે મિલ્કત / રોકડ વિગેરે ને તપાસ એજન્સી દ્વારા રિકવર કરવામાં આવે છે. અને ભોગબનનાર કે ફરિયાદી દ્વારા તે મિલ્કત / રોકડ રકમ વિગેરે ને મુદ્દામાલ અરજી દાખલ કરી ને પરત કરવામાં આવે છે. પરંતુ વીજ ચોરી ના કિસ્સા માં ચોરાયેલી વીજળી રિકવર કરી શકાતી નથી. તેથી તેના માટે લેજિસલેચર દ્વારા સ્પેશિયલ એક્ટ બનાવેલ છે. અને તેમાં વીજ ચોરી કરેલ છે તેવું સાબિત થાય તો, સિવિલ લાયબિલિટી ની રકમ દંડ તરીકે નક્કી કરવાની રહે છે અને તે રકમ વીજ કંપની નુકશાન વળતર તરીકે માંગી શકે છે. જે માટે વીજ કંપની એ અલગ થી દાવો કરવાની જરૂરિયાત રહેતી નથી. પરંતુ કોઈ વ્યક્તિ ઉપર ચોરી નો આક્ષેપ હોય તો, તેવા માં તે વ્યક્તિ ઉપર ચોરી સાબિત થાય તો જ તે આવી ચોરી ની રકમ ભરવા જવાબદાર બને છે. અને તેના માટે જ ઇન્ડિયન પીનલ કોડ ની કલમ 378 અને 379 થી અલગ કાયદા માં સ્પેશિયલ એક્ટ ની રચના કરવામાં આવેલ છે અને સ્પેશિયલ કોર્ટ ની રચના કરવામાં આવેલ છે. વીજ કંપની

ના કલમ 154(5) મુજબ ના તમામ દાવાઓ માં આ પ્રતિવાદીઓ વીજ કંપની ના ગ્રાહક નથી. અને તેઓ વીજ કંપની સાથે કરાર થી જોડાયેલા નથી. જેથી તેઓ વિરુદ્ સિવિલ લાયબિલિટી સીધી રીતે વીજ ચોરી સાબિત થયા વગર વસૂલી શકાય નહિ. જો વીજ કંપની નો ગ્રાહક આવી કોઇ વીજ ચોરી કરે કે વીજ નો અનધિકૃત વપરાશ કરે તો તેના માટે વીજ અધિનિયમ ની કલમ 126 અને 135 મુજબ ની જોગવાઇ લાગુ પડે છે. જે ઉપરોક્ત પારા માં ચર્ચા કરેલ છે.

**[23]** હવે આ કામે સૌથી મહત્વનો એવો ગુજરાત વીજ કંપની નો સપ્લાય કોડ 2015 કે જેની ઉપર વાદી કંપની દ્વારા આધાર રાખવામાં આવેલ છે. તેની જોગવાઇ જોતા, પણ સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે વીજ ચોરી સાબિત થાય પછી જ આવી વીજ બિલ ની આકારણી કરી વીજ ચોરી ની રકમ વસૂલી શકાશે. <u>વિભાગ 7 - નિયંત્રણો : વીજળી ની ચોરી ની જોગવાઇ 7.6 માં જણાવેલ છે કે જો વીજળી ની ચોરી સાબિત કરતો પર્યાપ્ત પુરાવો મળી આવે તો, પરવાનેદાર કે પુરવઠાકાર અધિનિયમ ની કલમ 135 મુજબ ની કાર્યવાહી કરશે........ તથા 7.12 ( આકારણી ) વીજ ચોરી નો કેસ બન્યો હોવાનું સાબિત થાય ત્યાં આકરણી અધિકારી આ સંહિતા ના જોડાણ IV માં આપેલી આકરણી ફોર્મ્યુલા અનુસાર વીજળી વપરાશ ની આકારણી કરશે. આકારણી ની મુદત આ સંહિતા ની ખંડ 7.7 માં જોગવાઇ કર્યા મુજબ નક્કી કરશે. આકારણી લાગુ પડતા પ્રશુલ્ક થી બે ગણી હશે. આકારણી હુકમ ની યોગ્ય પહોંચ હેઠળ વ્યક્તિ ને બજવણી કરાશે.</u> હવે ઉપરોક્ત જોગવાઈ મુજબ વીજ ચોરી સાબિત કરવા માટે કાયદા દ્વારા સ્પેશિયલ કોર્ટ ની રચના કરવામાં આવેલ છે. જો વીજ ચોરી નામદાર સ્પેશિયલ કોર્ટ ના ચુકાદા પહેલા જ આકારણી અધિકારી દ્વારા સાબિત થયેલ છે તેવું માની લેવામાં આવે તો, કલમ 135 ની ટ્રાયલ ચલાવવાનો કોઇ ઉદ્દેશ પૂરીપૂર્ણ થતો નથી. કલમ 135 મુજબ નો કેસ ચાલી જતા, તકશીરવાન ઠરતા, નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા દંડ સ્વરૂપે વીજ ચોરી ની બિલ આકારેલી રકમ ની સિવિલ લાયબિલિટી નક્કી કરી દીવાની રાહે વસુલ લેવાના હુકમ કરશે. પંરતુ જો આવી રકમ અગાઉ થી જો વસુલ કરવામાં આવેલ હોય તો, એક વ્યક્તિ ઉપર એક જ ચોરી માટે બે વખત દંડ ની કે વીજ ચોરી ની આકારેલી રકમ વસુલ કરવાની પરિસ્થિતિ ઉપસ્તિથ થાય તેમ જણાઈ આવે છે. ધી વીજ અધિનિયમ 2003 ની જોગવાઈઓ માં અલગ થી સિવિલ દાવો કરવાની જોગવાઇ કલમ 154(5) માં નથી તથા કલમ 135 મુજબ એ માત્ર પીનલ પ્રોવિઝન છે અને વીજ ચોરી ની બિલ ની રકમ અલગ થી વસુલ કરવાની છે તેવી પણ કોઈ જોગવાઈ નથી. હવે આ કામે ગુજરાત સપ્લાય કોડ ની જોગવાઈ 7.13 અને 7.14 એ નિયમિત મીટર વાળા ગ્રાહક દ્વારા ચોરી કરવામાં આવેલ હોય તેના માટે છે. જયારે સપ્લાય કોડ 2015 ની જોગવાઈ 7.17 જોતા તેમાં જણાવેલ છે કે આકારેલ રકમ ચુકવવામાં વ્યક્તિ કસૂર કરે તો, તે , યોગ્ય અદાલત ના બાકી નિર્ણયે આકારેલ રકમ ઉપરાંત તે આકરણી આદેશ ની તારીખ થી ત્રીસ દિવસ પુરા થતા દર છ મહિને ચક્રવૃદ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક 16% ના વ્યાજે રકમ વસુલ કરશે. તથા <u>જોગવાઈ 7.18 માં જણાવેલ છે કે આકારેલ રકમ ચુકવવામાં કસૂર ના કેસ માં પરવાનેદાર લેખિત 15 દિવસ ની નોટિસ આપ્યા પછી 1</u> **<u>[ અધિનિયમ ની 2003 ની આપેલી જોગવાઈઓ અનુસાર આકારેલ રકમ પાછી મેળવવા માટે સિવિલ સ્યુટ ફાઈલ કરવા વગેરે જેવી જરૂરી યોગ્ય કાર્યવાહી કરશે.]</u>** હવે આ જોગવાઈ મુજબ તેઓ એ વીજ અધિનિયમ 2003 માં આપેલ જોગવાઈ મુજબ સિવિલ સ્યુટ દાખલ કરવા જણાવેલ છે. અને તે મુજબ વાદી દ્વારા વીજ અધિનિયમ ની કલમ 154(5) મુજબ દાવા દાખલ કરેલ છે. પરંતુ વીજ અધિનિયમ ની કલમ 154(5) મુજબ નામદાર સ્પેશિયલ કોર્ટ એ ક્રિમિનલ કેસ માં દંડ ની રકમ સ્વરૂપે સિવિલ લાયબિલિટી નક્કી કરવાની જોગવાઈ છે. તે અંગે કાયદા માં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે અને નામદાર સુપીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ ના ઉપરોક્ત ચર્ચા કરેલ તમામ

ચુકાદા માં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. અને તે સિવાય વીજ અધિનિયમ ની કલમ 2003 બિન ગ્રાહક વીજ ચોરી ની રકમ વસુલ મેળવવા સિવિલ સ્યુટ કરવાની કોઇ જોગવાઇ નથી. જયારે વીજ કંપની ના કાયદેસર ના ગ્રાહક દ્વારા આવી કોઇ વીજ મીટર સાથે ચેડાં કરી ને વીજ ચોરી કરેલ હોય તેવા કિસ્સા માં વીજ કંપની દ્વારા આવા મીટર નું લેબ પરીક્ષણ કરે છે અને તેમાં ગ્રાહક ને હાજર રહેવાની તક આપવામાં આવે છે. અને ત્યાર બાદ લેબોરેટરી ના પરીક્ષણ માં સાબિત થાય કે વીજ ગ્રાહક દ્વારા આવી કોઇ ચેડાં કરવામાં આવેલ છે તેવા કિસ્સા માં આકારણી અધિકારી આવું નિયમોઅનુસાર નું વીજ બિલ આકારેશે અને તે બિલ ગ્રાહક પાસે થી વસૂલવા માટે કલમ 126 મુજબ મોકલી આપે છે. જયારે બિન-ગ્રાહક માં વીજ ચોરી ના કેસ માં , વ્યક્તિ પાસે કાયદેસર રીતે મીટર હોતું નથી. જેથી વીજ ચોરી નું બિલ / સપ્લીમેન્ટરી બિલ બનાવી શકાય નહિ. જેથી વીજ ચોરી જે તે વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ છે તે માટે વીજ અધિનિયમ ની જોગવાઈ મુજબ **સ્પેશિયલ કોર્ટ ની રચના કરાવામાં આવેલ છે.** સ્પેશિયલ કોર્ટ ની રચના માત્ર પીનલ પ્રોવિઝન સાબિત કરવા માટે કરવામાં આવેલ નથી. પરંતુ ક્રિમિનલ કેસ માં જ સિવિલ લાયાબીલિટી કરવાની સ્પેસિફિક જોગવાઇ આપેલ છે. સબબ વીજ ચોરી સાબિત થયે થી સિવિલ લાયબિલિટી નક્કી થાય અને પછી જ વીજ કંપની આવી રકમ મેળવવા હક્કદાર છે. તે મુજબ વાદી કંપની એ તે મુજબ ની કાર્યવાહી કરેલ ના હોય, આ દાવા ના કામે રેકર્ડ ઉપર સ્પષ્ટ પણે સાબિત થાય છે કે વાદી કંપની પાસે હાલ નો દાવો કરવાનું કોઇ કારણ નથી. વધુ માં વીજ અધિનિયમ ની કલમ 135 મુજબ ફોજદારી ફરિયાદ દાખલ કરી ને 154(5) મુજબ સ્પેશિયલ કોર્ટ દ્વારા નક્કી કરેલ સિવિલ લાયબિલિટી નું હુકમનામું મેળવવાનું હોય છે તેનો સીધો દાવો થઇ શકે નહિ એટલે કે કલમ 135 મુજબ ફોજદારી ફરિયાદ માં જ નામદાર સ્પેશિયલ કોર્ટ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની રહેતી હોય છે . કલમ 154(5) ના શબ્દો જોતા, **"the amount of civil liability so determined shall be recovered as if it were a decree of civil court."** એટલે કે **આટલી નિર્ધારિત સિવિલ જવાબદારીની રકમ એવી રીતે વસૂલ કરવામાં આવશે જાણે તે સિવિલ કોર્ટનો હુકમ હોય." આમ, ઉપરોક્ત કલમ 154(5) મુજબ ક્રિમિનલ કેસ માં જ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની છે** તેવું નામદાર સુપીમ કોર્ટે સિવિલ એપ્લિકેશન 20842/2017 માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે **The procedure and power of the Special Court is laid down under Section 154 of the Act, including the power to levy a penalty which is referred as " Civil Liability" under Section 154(5) and 154(6) of the Act. Section 155 states that the Special Court is to have the powers of a Court of Sessions, and Section 157 of the Act vests the Special Court with a power of Review.**

**[24]** આથી, સીપીસી ની જોગવાઇ મુજબ હુકમ 7 રુલ 11 (એ) અને (ડી) વાદી ના દાવા ને આકર્ષિત કરે છે અને વાદી નો દાવો વીજ અધિનિયમ ની કલમ 135 અને 154(5) ની વિરુદ્દ હોય, વીજ ચોરી સાબિત થયા વગર

સિવિલ લાયબિલિટી નામદાર સ્પેશિયલ કોર્ટ ના હુકમ વગર વસુલ કરવાનું કારણ ઉપસ્તિથ થતું ના હોય કોઝ ઓફ એક્શન નો બાધ નડતો હોય તથા હાલ નો દાવો નામદાર સુપીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો કે જે પ્રીસિડેન્ટ હોય, તેનાથી થી વિપરીત હોય , સી.પી.સી. હુકમ 7 રુલ 11 (એ) અને (ડી) ની જોગવાઇ આકર્ષિત થાય છે. આથી ઉપરોક્ત કારણો થી નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

*(1)* આથી, વાદી કંપની ના તમામ દાવાઓ ઉપરોક્ત **સિડ્યુલ A** માં દર્શાવેલ મુજબ ના કેસો ને "કોઝ ઓફ એક્શન" ના અભાવે તથા નામદાર સુપીમ કોર્ટ અને ગુજરાત હાઇકોર્ટ ના પ્રસ્થાપિત સિદ્ધાંતો નું પાલન ના થતું હોય , વીજ અધિનિયમ ની કલમ 135 અને 154(5) મુજબ ની જોગવાઈ ની વિરુદ્દ હોય હાલ ના દાવા ને સીપીસી હુકમ 7 રુલ 11 (એ) અને (ડી) નો બાધ નડતો હોય હાલનો **<u>બિન-ગ્રાહક વીજ ચોરી ના દાવાની</u> "Plaint Reject"** કરવામાં આવે છે.

*(2)* ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

*(3)* હુકમ મુજબ હુકમનામું દોરવું.

*(4)* હાલ ના હુકમ ની એક કોપી દરેક કેસ માં અલગ અલગ મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ 01-04-2025 ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સંદીપ ઈશ્વરભાઈ ચૌહાણ)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ**
**તાલાળા - જી.ગીર સોમનાથ**
**જી. જે. ૦૧૫૮૦**